ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો, ૧૯૭૪માં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિખવવામાં આવતા વિષયોના શિક્ષક /શિક્ષણ સહાયકની ભરતી માટેની લાયકાત અને વિષયો તેમજ માધ્યમ અંગે.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: ED/MSM/e-file/3/2023/2440/CHH
સચિવાલય, ગાંધીનગર.

**વંચાણે લીધા:-**

(૧) શિક્ષણ વિભાગનો તા.૧૧/૦૧/૨૦૨૧નો ઠરાવ ક્રમાંક: મશબ/૧૧૧૬/૧૨/છ.

(૨) શિક્ષણ વિભાગનો તા.૧૯/૧૦/૨૦૨૨ના ઠરાવ ક્રમાંક:મશબ/ ૧૧૧૬/૧૨ /છ

(૩) શિક્ષણ વિભાગનો તા.૧૫/૦૭/૨૦૨૩ ના ઠરાવ ક્રમાંક:ED/MSM/e- file/3/2023/2440/CHH

(૪) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડનો તા.૨૪/૦૭/૨૦૨૪નો પત્ર ક્રમાંક : મઉમશબ/ સંશોધન/ ૨૦૨૪/ ૨૧૦૨-૦૩.

**આમુખ:-**

શિક્ષણ વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૧) સામેના તા.૧૧/૦૧/૨૦૨૧ના ઠરાવથી રાજ્યની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિખવવામાં આવતા વિષયોના શિક્ષક / શિક્ષણ સહાયકની ભરતી માટેની લાયકાત, વિષયો તેમજ માધ્યમ અંગે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪માં જોગવાઈ નિયત કરવામાં આવેલ છે. શિક્ષણ વિભાગના વંચાણે લીધા ક્રમાંક(૨) સામેના તા: ૧૯/૧૦/૨૦૨૨ ના ઠરાવથી કૃષિ-ઉત્તર બુનિયાદી માધ્યમિક શાળાઓમાં શિક્ષક/શિક્ષણ સહાયકની ભરતી માટેના પરિશિષ્ટ-5, કૃષિ-ઉત્તર બુનિયાદી ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષક/શિક્ષણ સહાયકની ભરતી માટેના પરિશિષ્ટ-6 માં સુધારો કરવાનું અને વિશિષ્ટ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષક/શિક્ષણ સહાયકની ભરતી માટે પરિશિષ્ટ-7(અ) અને પરિશિષ્ટ-7(બ) ઉમેરવાનું ઠરાવવામાં આવેલ છે અને શિક્ષણ વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૩) સામેના.૧૫/૦૭/૨૦૨૩ ના ઠરાવથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો-1974 માં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શીખવવામાં આવતા વિષયોના શિક્ષક/શિક્ષણ સહાયકની ભરતી માટેની લાયકાત અને વિષયો તેમજ માધ્યમ અંગે તા.૧૧/૦૧/૨૦૨૧ ના ઠરાવના પરિશિષ્ટ-4 ના ક્રમાંક:17,18,19,21 માં સુધારો કરવામાં આવેલ છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના વંચાણે લીધેલ ક્રમાંક (૪) સામેના તા: ૨૪/૦૭/૨૦૨૪ પત્રથી ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંક (૧) સામેના તા: ૧૧/૦૧/૨૦૨૧ ના ઠરાવ સાથે જોડવામાં આવેલ પત્રક-છ માં દર્શાવેલ પરિશિષ્ટો અને ત્યારબાદ વંચાણે લીધેલ ક્રમાંક (૨) સામેના તા.૧૯/૧૦/૨૦૨૨ અને વંચાણે લીધેલ ક્રમાંક (૩) સામેના તા: ૧૫/૦૭/૨૦૨૩ ઠરાવોના પરિશિષ્ટોમાં "લાયકાતના વિષયો" અને પરિશિષ્ટમાં "શૈક્ષણિક લાયકાત અને વિષય" માં

Signature valid
Signed by: Alkesh Chaudhari
Under Secretary
Date: 2024.08.21 16:32:56 +05:30

File No: ED/MIS/e-file/3/2023/2440/CHH
Approved By: Deputy Secretary,CHH,ED
Open the document in Adobe Acrobat DC to verify the E-sign

સુધારો કરવા દરખાસ્ત કરેલ હતી આ બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

ઠરાવ :-

પુખ્ત વિચારણાને અંતે, શિક્ષણ વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૧) સામેના તા: ૧૧/૦૧/૨૦૨૧ ના ઠરાવ સાથે જોડવામાં આવેલ પત્રક-છ માં દર્શાવેલ પરિશિષ્ટો અને ત્યારબાદ વંચાણે લીધેલ ક્રમાંક (૨) સામેના તા.૧૯/૧૦/૨૦૨૨ અને વંચાણે લીધેલ ક્રમાંક (૩) સામેના તા: ૧૫/૦૭/૨૦૨૩ ઠરાવોના પરિશિષ્ટોમાં જે જગ્યાએ **"લાયકાતના વિષયો"** દર્શાવેલ છે તે જગ્યાએ **"લાયકાતનો મુખ્ય વિષય"** દર્શાવવા માટે તેમજ પરિશિષ્ટમાં જે જગ્યાએ **"સ્નાતક કક્ષાએ શૈક્ષણિક લાયકાત અને વિષય"** દર્શાવેલ હોય તે જગ્યાએ **"સ્નાતક કક્ષાએ શૈક્ષણિક લાયકાત અને મુખ્ય વિષય"** દર્શાવવા માટે તેમજ **"અનુસ્નાતક કક્ષાએ શૈક્ષણિક લાયકાત અને વિષય"** દર્શાવેલ હોય તે જગ્યાએ **"અનુસ્નાતક કક્ષાએ શૈક્ષણિક લાયકાત અને મુખ્ય વિષય"** દર્શાવવા માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો- 1974 માં ઉપરોક્ત મુજબનો સુધારો કરવા આથી મંજૂરી આપવામાં આવે છે.

વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૧) થી (૩) સામેના તા.૧૧/૦૧/૨૦૨૧ , તા.૧૯/૧૦/૨૦૨૨ અને તા: ૧૫/૦૭/૨૦૨૩ ના ઠરાવોની અન્ય તમામ વિગતો યથાવત રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ઈ-સરકાર ઉપરની ફાઈલ પર સરકારશ્રીની તા.: ૧૩/૦૮/૨૦૨૪ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હૂકમથી અને તેમના નામે,

(એ જી ચૌધરી)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેક્ટર-૧૦ બી, ગાંધીનગર.

કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી, વિદ્યા સમીક્ષા કેંદ્ર, સેક્ટર -૧૯, ગાંધીનગર.

અધ્યક્ષશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

સેક્શન અધિકારીશ્રી, ગ/ગ.૧/ગ.૨ શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

સર્વે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ(ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ મારફતે)

સેક્શન અધિકારીશ્રી , કમ્પ્યુટર સેલ , શિક્ષણ વિભાગ , સચિવાલય, ગાંધીનગર (વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા સારૂ)

ના.સે.અ. સિલેક્ટ ફાઈલ.

સિલેક્ટ ફાઈલ.